## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*બાકી હતું બેન્કમાં, મોંઘવારીએ નચોવી નાખ્યા*
*લોન પર હતી સાયબી, ડિઝલે નચોવી નાખ્યા!*
*નચોવી નાખ્યા મોંઘા ભણતરની ભણામણીએ -*
*ચઢ્યો પારો, છેતાલીસે, પરસેવે નચોવી નાખ્યા!*

હાઈકુ

*નબળી શાળા*
*ને નબળું શિક્ષણ -*
*બાળ નબળાં*
*(વહીવટ નબળો...)*

*'પૈસા' નું મૂલ્ય*
*હવે સમજાયું ને ?!*
*તેલ કાઢસે !!*
*(સરકારની દયા - કૃપા!)*

### ચિંતન

**ન ઘર સંત ન સેવિયા, હરિ કો સુમરન નાહિ,**
**સો ઘર મરઘટ સરિકા, ભૂત બસત તા માહિ,**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**આશા, તૃષ્ણા, આદિમાં રચ્યાપચ્યા રહેતા અને તેથી જ પરમાત્મા તરફ લક્ષ આપી શકતા નથી કે પરમાત્માનું સ્મરણ કરી શકતાં નથી એવા જીવોની અધોગતિ જ થાય છે. આ સમજાવતાં કબીર કહે છે કે જેના ઘરમાં સંતસેવા અને હરિસ્મરણ કે જે પરમતત્વ સાથે એક તાર સાધી આપે છે. તેનો અભાવ છે તે ઘર સ્મશાન છે અને તેમાં વસનારા જીવો મનુષ્ય નહીં પણ ભૂતયોનિના જીવો છે. અનેક આશા ને ઈચ્છાઓ અને તૃષ્ણાઓ સાથે મરનારને ભૂતયોનિ પ્રાપ્ત થાય છે. એમ કબીર કહે છે કે આશા તૃષ્ણાવાળા જીવો આજે ભલે મનુષ્ય દેહે વિહરતા હોય પણ મૃત્યુ પછી તો તેમની ગતિ અને સ્થાન નિશ્ચિત છે.**

### સુવિચાર

- કરમ હી કરના હૈ, તુઝકો તો યે કરમ દે...
  મેરે ખૂદા તૂ મેરી ખ્વાહીશોં કો કમ કર દે...!! - **ફઝલ નિયામી**
- ભયથી જે ભગવાન ભજે છે તે શેતાન આવે તો પણ ભજશે - **ટોમસ ફુલર**
- મોહન રાખવો એ જ મોહની જાગૃતિ છે - **જનકલ્યાણ**
- કુહાડીને દયાળુ કહો કે ક્રૂર કુહાડી કહો કુહાડી તો કુહાડી જ રહે છે - **ચંદ્રાકાન્ત બક્ષી**
- મનને ભટકવાના દ્વાર ઈન્દ્રિયો છે, એ જ બંધ કરીએ તો મન પકડાશે અને કેદ થતાં કયારેક કાબુમાં આવશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્ય જો સલામતી શોધીને સંતાતુ ફરશે તો અસત્ય ચોક્કસ ફાવી જશે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : વરીયાળી ને પીસી સાદા પાણીમાં પીવડાવવાથી બાળકને પેટના દુ:ખાવામાં તરત ફરે પડે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જીવનમાં સફળતા મેળવવા માટે 'લક્ષ્ય' હોવું જોઈએ પછી એ લક્ષ્યપ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો જોઈએ.

રાજાએ કોઈ સંતાન ન હોવાથી તેઓ રાજય કોઈ યોગ્ય વ્યક્તિને સોંપવા વિચારી રહ્યા હતા. રાજાએ રાજયમાં ઢંઢેરો પીટાવ્યો કે શરદ પૂનમની રાત્રે બાર વાગ્યે જે વ્યક્તિ રાજાને મળવા આવશે તેને રાજયનો એક ભાગ ઈનામમાં આપવામાં આવશે. રાજાના મંત્રીએ રાજાને ચેતવણી આપતા કહ્યું, 'આવી જાહેરાત સાંભળીને તો આપને મળવા ઘણા બધા લોકો આવશે અને જો એ સૌને રાજયમાંથી ભાગ આપશો તો રાજયના ટુકડા ટુકડા થઈ જશે.' રાજાએ કહ્યું, 'મંત્રી આપ ચિંતા ન કરશો. બસ જોતા રહો. શું થાય છે?'

રાજાએ શરદપૂનમના દિવસે રાજમહેલના બગીચામાં વિશાળ દાવતનું આયોજન કર્યું. આ દાવતમાં નૃત્ય, સંગીત, શરાબ અને ઉત્તમ શાહી પકવાનોની મીજબાનીની વ્યવસ્થા રાખી હતી. રાજાએ મળવા આવનારા કેટલાય લોકો નૃત્ય અને સંગીતમાં ડૂબી ગયા. કેટલાક શરાબને શરણે ગયા. કેટલાય શાહી ભોજનમાં મસ્ત થયા. આમ સમય વીતવા લાગ્યો.

એક માણસ એવો નીકળ્યો કે કોઈ પણ પ્રલોભનોમાં પડ્યા વગર રાત્રે બાર વાગ્યે રાજા સમક્ષ હાજર થયો. રાજાએ તેને કહ્યું, ભાઈ, તમે એક જ એવા વ્યક્તિ નીકળ્યા કે જેઓ કોઈ પ્રલોભનના શિકાર બન્યા નહીં તથા તમારા લક્ષ્ય સુધી તમે પહોંચી શક્યા છો. હું તમારી લક્ષ્ય પ્રાપ્તિની નિષ્ઠાથી ખૂબ ખુશ થયો છું. હું મારા રાજયનો ભાગ નહીં પણ આખું રાજય આપી દઉં છું. તમે જ મારા રાજયના ઉત્તરાધિકારી છો.'

# ૨૦૧૯ : વિપક્ષી એકતાની કસોટી

**તંત્રીસ્થાનેથી...**

વિપક્ષોએ આગામી લોકસભાની ચૂંટણીમાં મોદીને ઘેરવા માટે એક મંચ પર આવવાની માનસિક કવાયત શરૂ કરી દીધી છે. એમને એટલું તો સમજાયું છે કે કર્ણાટકમાં જો કોંગ્રેસ અને જનતા દળ (એસ) આગોતરું ગઠબંધન રચીને ચૂંટણી મેદાનમાં ઊતર્યા હોત તો ભારતીય જનતા પાર્ટીને ઘણી ઓછી બેઠકો મળી હોત. ઉત્તરપ્રદેશ સહિતનાં રાજયોમાં પેટા ચૂંટણીનાં પરિણામો વિપક્ષના ગઠબંધન માટે ઉદ્દીપક સાબિત થશે. ભાજપની મૂળભૂત તાકાત હિંદુત્વ મુદ્દે બહુમતીનું ધ્રુવીકરણ છે. જો આ ધ્રુવીકરણ થતું અટકાવવું હોય તો કોંગ્રેસ સહિત અન્ય પાર્ટીઓએ પણ સૉફ્ટ હિંદુત્વની લાઈન અપનાવવી જ રહી. રાહુલ ગાંધીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અને તે પછી કર્ણાટકમાં આ જ શૈલી અપનાવી હતી તે સર્વવિદિત છે. પરંતુ સૉફ્ટ હિંદુત્વની લાઈન એટલી સિફ્ટપૂર્વક અપનાવવાની છે કે લઘુમતી મતદારોમાં ભાજપ પ્રત્યે ઊભી થઈ છે એવી દહેશત ના પેદા થઈ જાય. આવી બેધારી તલવાર પર ચાલીને વિપક્ષોએ ભાજપના હિંદુ હૃદય સમ્રાટને માત આપવાની છે. એથી આગળ બીજો એક મુદ્દો પણ મહત્ત્વનો છે. મોદી-શાહની જોડી આઠે પહોર એક જ મુદ્દે ચિંતવન કરતી રહે છે કે દેશમાં પ્રજાને વડાપ્રધાન પદ માટે બીજો કોઈ માણસ પણ લાયકાત ધરાવે છે એવો ખ્યાલ જ ન આવવો જોઈએ. રાજીવ ગાંધી સામે અટલબિહારી વાજપેયી જેવો મજબૂત વિકલ્પ હતો. ઈંદિરા ગાંધી સામે મોરારજી દેસાઈ, ચરણસિંહ અને જગજીવનરામ જેવા વિકલ્પો હતા. વાજપેયી સામે કોંગ્રેસના પી.વી. નરસિંહરાવ, અર્જુનસિંહ અને એન.ડી. તિવારી જેવા વિકલ્પો હતા. મોદી પોતે દેશ માટે હાલના સંજોગોમાં દેશનું નેતૃત્વ સંભાળવા માટે અન્ય કોઈ સક્ષમ વિકલ્પ લોકમાનસમાં પ્રતિષ્ઠિત ન થઈ જાય એની ફિકરમાં છે. રાહુલ - સોનિયા વિરુદ્ધ ખરા ખોટા મુદ્દાઓ ઊપસાવી એમને હાંસિયે ધકેલવાના પ્રયાસોમાં એમને મહદંશે સફળતા પણ સાંપડી છે. જાણે મા દીકરાને ભારત કરતાં ઈટાલી અને રોમ સાથે વધારે નિકટતા હોય એવો પ્રચાર કરાતો રહે છે. પંડિત નહેરુએ દેશનું ધનોતપનોત કાઢી નાખ્યું હોત અને ઈંદિરા ગાંધીએ ગરીબોને ગરીબ જ રાખી મૂકવાની યોજના ઘડી હોય એવી ભાંડણલીલા ચાલે છે. કોંગ્રેસ સાથે પ્રાદેશિક પક્ષો જોડાઈ જશે એવી તો કદાચ મોદી-શાહની જોડીએ કલ્પના જ નહોતી કરી. પરંતુ કર્ણાટકમાં ઓછી બેઠકો લાવનાર પાર્ટીના નેતાને મુખ્યમંત્રી પદની ઑફર કરીને કોંગ્રેસે માસ્ટર સ્ટ્રોક માર્યો તે પછી આ બેઉની ઊંઘ હરામ થઈ ગઈ છે. જો આ જ ફોર્મ્યુલા ૨૦૧૯ની ચૂંટણી વખતે પણ અપનાવાય - કોંગ્રેસ વ્યૂહાત્મક રીતે બૅકફૂટ પર રહી પ્રાદેશિક નેતાઓ પૈકી કોઈ પણ સક્ષમ નેતાને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરે અથવા મહાગઠબંધન પછી સાંસદો જ પોતાનો નેતા ચૂંટશે એવી જાહેરાત કરે તો પરિસ્થિતિ બદલાઈ શકે એમ છે. જો કે પ્રાદેશિક પાર્ટીઓમાં મમતા બેનર્જીથી લઈ માયાવતી સુધીની મહત્ત્વાકાંક્ષી પ્રતિભાઓ છે. આગામી ચૂંટણી ટાણે બેઠકોની વહેંચણીમાં વિપક્ષી નેતાઓ કેવું અને કેટલું શાણપણ દાખવે છે એના પર એમના ભવિષ્યની શક્યતાઓ અવલંબે છે. કોંગ્રેસ મોટા પક્ષ તરીકે હોવા છતાં મોટું મન રાખી વડાપ્રધાન પદની રેસમાં ખસી જશે તો મોદીને વધુ મોટો પડકાર આપી શકાશે. ઉત્તરપ્રદેશમાં અત્યારથી માયાવતીએ 'સિંહભાગ' ની માગણી મૂકીને વિપક્ષી એકતાની શક્યતા પર પ્રશ્નાર્થ ખડો કરી જ દીધો છે.

# એંસી હજાર કરોડનું બીટ કોઈન કૌભાંડ



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

સી.આઈ. ડી. ક્રાઈમે ગુજરાતમાં બે અલગ અલગ બીટ કોન મામલે ફરીયાદ દાખલ કરેલ છે જે લગત માત્ર સુરતમાથી ૮૦ હજાર કરોડનું રોકાણ બેનામી બીટ કોઈનમાં કરવામાં આવ્યું છે અને મોદી સરકારની નોટ બંધીને ઝટકો માર્યો છે. પહેલી ફરીયાદ ૧૨ કરોડની જયારે બીજી ફરીયાદ ૧૫૦ કરોડની થવા જાય છે. હજી સુધી મુખ્ય આરોપી ધરપકડથી બચતા ફરે છે એક એવો કેસ કે જેમાં ખુદ ફરીયાદી જ આરોપી નિકળ્યો હોય સમગ્ર ગુજરાતનો ચકચાર ભર્યો કેસ એક ધારાસભ્યનો આરોપમાં સમાવેશ થતો હોવા છતાં પોલીસ પકડથી બહાર ફરે છે.

સી.આઈ.ડી. ક્રાઈમમાં ફરીયાદ નોંધાવનારે પહેલા પાંચ કરોડ રૂપિયા સીબીઆઈ પીઆઈએ ધમકાવીને પડાવી લીધાનો આક્ષેપ કરેલ ત્યારબાદ એસપી સુધી શંકા ઉપજાવે અને પોલીસ તપાસ અધિકારીઓની ધરપડ થવા પામેલ. અમરેલી પોલીસે ૧૨ કરોડ પડાવી લીધાનો આક્ષેપ થવા પામેલ, ઈન્સ્પેકટર અને કેન્દ્રીય નેતાગીરીના સીધા સંપર્કમાં આરોપીઓની ઝાળ ગુંથાયેલ જોવા મળી. મોટા માથાઓએ પોતાના પાસેના કાળા નાણાને ધોળા કરવા માટે બીટ કોઈનનો સહારો લીધો જે ફરીયાદીના ૧૨ કરોડ લુંટાયા હોવાનું પ્રથમ દ્રષ્ટીયે તપાસમાં બહાર આવેલ તે તો ૧૫૦ કરોડની લુંટનો એક ભાગ જ નિકળ્યો ૧૫૦ માંથી માત્ર ૧૨ કરોડની જ લુંટની ફરીયાદ કેમ નોંધાવી? આવા પ્રશ્નોનો ખુલાસો મુખ્ય આરોપીની ધરપકડ બાદ જ થઈ શકે છે. લાંબા સમય સુધી મુખ્ય ખેલાડી કિરીટ પાલડીયા પોલીસને સીબીઆઈને મુર્ખ બનાવવામાં ઘણા અંશે સફળ રહ્યો પરંતુ જે ૧૫૦ કરોડની લુંટનો મામલો છે તે ૮૦ હજાર કરોડ સુધી પહોંચ્યો છે અને મુખ્ય સુત્રધાર ફરાર છે. ગુજરાત અથવા કેન્દ્રના મોટા નેતાઓની આમા સંડોવણી ખુલે તેવી પૂરેપૂરી સંભાવના છે.

સીઆઈડીએ અમરેલીના એસપી અને ઈન્સ્પેકટરની પહેલા જ ધરપકડ કરી જયુડીશીયલ કસ્ટડીમાં મુકી દીધા છે અને સીઆઈડી દ્વારા પૂછપરછ ચાલુ છે રોજરોજ નવા નવા ફણગા ફૂટી તપાસની દિશા બદલાઈ રહી છે. સીઆઈડીને પણ ફરીયાદી ગુમરાહ કરવામાં સફળ રહ્યા છે.

સુરતના બિલ્ડરો, નેતાઓ, ધાર્મિક આગેવાનો, આઈપીએસ, આઈએસ અધિકારીઓના ૩૦ હજાર કરોડના રોકાણની સંડોવણી બહાર આવી છે જે એક સસ્પેન્સ ફિલ્મના પ્લોટની જેમ ફરીયાદમાં વળાંક લઈ રહ્યો છે હજી સાત પોલીસ કર્મીઓની ધરપકડ કરવાની બાકી છે જેની સીધી સંડોવણી ૧૩૧ કરોડના બીટ કોઈન ૯ કરોડના લાઈટ કોન અને ૧૪૫૦ કરોડના રોકડા લુંટવાની હકિકત દર્શાવે છે.

બીજી ફરીયાદમાં માત્ર એ જ આરોપી પકડાયા છે મોટા માથા ગણતા ૮ આરોપીનો ફરાર દર્શાવાયા છે. મુખ્ય સુત્રધાર ધવલ માવાણી અને સતીષ કુભાણી કોણ છે? તે જાણવું રસપ્રદ છે. ૨૦૧૬ ની નોટ બંધી બાદ સુરતમાં સક્રિય રાજકારણી અને કેન્દ્રીય નેતાગીરીના સીધા સંપર્કમાં રહી નજીકનો ઘરોબો કેળવી નેતાઓના કાળા નાણા ધોળા કરવાનું આખું ષડયંત્ર એટલે બીટ કોઈન કૌભાંડ, જુની નોટના બદલામાં રોકાણ કરી નવી નોટોમાં કન્વર્ડ કરેલ નાણા મુકવાએ પણ એક પ્રશ્ન હતો જે બીટ કોઈને સોલ કર્યો અને એક મોટો ક્રાઈમ ફ્રોડ બહાર આવ્યો.

૨૦૧૬ માં એક બીટ કોઈનનો ભાવ એક લાખ રૂપિયા હતો છેલ્લા દોઢ વર્ષમાં બીટ કોઈનનો ભાવ વધી સત્તર લાખ જેટલો થવા જાય છે. આમ બીટ કોઈનમાં માત્ર દોઢ વર્ષના રોકાણમાં લોકો કરોડો રૂપિયા કમાયા છે. ૨૦૧૭ માં બીટ કોઈનનો ભાવ તુટતા પાંચ લાખની આસપાસ થયો હતો બીટ કોઈન તુટતા માવાણી અને કુંભાણી ભુર્ગભમાં જતા રહેતા તેમની પાસેનું ૨૨ હજાર કરોડનું રોકાણ સલવાઈ ગયું હતું જયારે ધવલ માવાણીને એકલાનેજ સુરતમાં ૨૨ હજાર કરોડ ચુકવવાના થાય છે.

સીઆઈડીમાં પહેલી નોધાયેલી ફરીયાદમાં ખેલાડી કિરીટ પાલડીયા હોવાની વાત બહાર આવેલ જો કે લાંબા સમય સુધી તે પોલીસને મુર્ખ બનાવવામાં સફળ રહ્યો. આખરે ફરીયાદી આરોપી બની ગયો, બીજી ફરીયાદમાં પણ ફરીયાદી શૈલેષ ભટ્ટ ખુદ આરોપી બની ગયો છે. ધવલ અને સતીષ વિદેશમાં છે તેને ભારતમાં લાવ્યા બાદ પુરતી તપાસ થાય તો આખું કોકડું ખુલે તેવી સંભાવના છે.

જેમાં કેન્દ્રના મોટા માથાઓની સંડોવણી પણ નકારી શકાય તેમ નથી. કોઈ મોટા માથા ના હાથ વગર આખું કૌભાડ આચરવું શકય છે? શૈલેષ ભટ્ટે પોતે લુટેલા ૧૫૦ કરોડમાંથી ૧૨ કરોડ ઓછા થતા

અનુસંધાન પાના નં ૭ પર

# ગુર્જરી વ્યવહાર શોધું છું, ધાણીફૂટ બોલનાર શોધું છું



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

**ગુર્જરી વ્યવહાર શોધું છું,**
**ધાણીફૂટ બોલનાર શોધું છું.**
**લાવે પરભાતિયાં પાલવમાં ભરી,**
**ખુશનુમા એ સવાર શોધું છું.**

**- અદમ ટંકારવી**

ભાષા, સાહિત્ય અને વાંચનની ઓટ સમા આ યુગમાં આપણે સૌ સાથે મળીને જો આવનારી પેઢીની આંગળી ઝાલીને તેમને પાછઆ નહિં લઈ જઈએ તો ચોક્કસપણે આ બધી વસ્તુઓ આપમેળે વીસરાઈ જશે. આપણા બાળકોમાં વાંચનની ટેવ, ભાષા પ્રત્યેનો લગાવ અને સાહિત્ય પરત્વે રુચિ કેળવવા માટે આપણે સાથે મળીને પ્રયાસ કરવો પડશે. ચંદ્રવદન મહેતાએ એક સરસ બાબત સૂચવી છે :

'કેરળ રાજયમાં થોડાં વર્ષો પહેલાં મેં લગભગ દરેક કૉલેજમાં એક સંગીત, સમૃદ્ધ, શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનો વેચાણ-સ્ટોલ જોયો હતો. આજે પણ હશે. કૉલેજમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓમાંથી બે-ત્રણ વિદ્યાર્થીઓએ ચલાવે. એમાંથી ઊપજતાં કમિશનમાંથી એ એની ફી કાઢે. પુસ્તકો સારા પ્રમાણમાં વેચાય. કિશોરોને લગભગ ઘર આંગણે સારું સાહિત્ય મળે. કિંમતમાં પણ જરા વધારે સસ્તાં. કૉલેજના ખાસ નીમેલા અધ્યાપકો એ ઉપર નજર રાખે. ગુજરાતની પ્રત્યેક કૉલેજ, મોટી હાઈસ્કૂલોમાં આ પ્રથા દાખલ કરવા કટિબદ્ધ થઈએ. પહેલાં વર્ષમાં સો, બીજા વર્ષે બસો - એમ હજારની સંખ્યામાં આવા સ્ટોલ નીકળે, તો પાંચ વર્ષમાં હજારો કિશોરોને આપણે સાહિત્યાભિમુખ કરી શકીએ. દસ વર્ષમાં તો વાચક વર્ગ ઓછામાં ઓછી ગણતરીએ પાંચ ગણો થઈ જાય.'

આવી જ એક પ્રેરક બાબત સોશિયલ મીડિયાના માધ્યમથી જાણવા મળી કે આપણા ગાંધીનગરના જ જાણીતા અને માનીતા કટાર લેખક એવા સંજયભાઈ થોરાતની નાની દીકરી અનન્યા કે જે માત્ર ૮ વર્ષની છે તેની પોતાની અંગત લાઈબ્રેરીના ૩૦૦ પુસ્તકોની દુનિયામાંથી પુસ્તકોના મોટા સમૂહના સમુદ્ર સમી સેન્ટ્રલ લાઈબ્રેરી તરફ આગળ વધી છે. બાળકને જો પુસ્તકરુપી પાંખો ઉડવા માટે મળે તો એ ખૂબ જ નાની ઉંમરની આ દિશામાં પ્રયાસ કરી શકે તેનો આ એક ઉત્તમ દાખલો છે. આ માટે અનન્યાની શિક્ષિકા મમ્મી ગાયત્રીબેનનું પણ મૂંગું પ્રોત્સાહન સતત રહ્યું જ છે. આપણે પણ વીડિયો ગેમ્સ, સ્માર્ટ ફોન્સ, અને આઈપેડના આ યુગમાં આપણા બાળકોને પુસતક વાંચવા પ્રેરી શકીએ તો આવનારી તકલીફો અને સંઘર્ષોનો મજબૂત મનોબળ સાથે સામનો કરી શકે તેવી યુવાપેઢીનું સર્જન કરી શકીશું.

**તેંય અંગ્રેજી મૂઠ મારી છે,**
**હુંય એનો ઉતાર શોધું છું.**
**ક, ખ, ગ - ના ગળે શોષ પડે,**
**પહેલાં ધાવણની ધાર શોધું છું.**

અંગ્રેજી ભાષાના બાળકો પરના ઊંડા પ્રભાવ સામે જે રીતે મોરારી બાપુએ સાહિત્યને જીવંત રાખવા પ્રયાસો આદર્યા છે તેમજ કટિબદ્ધ બનવું પડશે. પહેલા બાળકો વાંચન તરફ પાછા ફરે તે માટે તેમને ગમે તેવું સાહિત્ય અને તેમને અનુકૂળ હોય તે ભાષામાં વાંચવાની છૂટ આપીએ અને ત્યારબાદ ધીમે-ધીમે તેમનામાં સાહિત્ય પરત્વે રસ-રુચિ વધે તેવા પ્રયત્નો દ્વારા તેમને માતૃભાષા અને તેના વિશાળ સાહિત્ય વારસાથી પરિચિત કરાવીએ. પુસ્તક અને પુસ્તકાલય વિષે હળવી શૈલીમાં એક સુંદર કટાક્ષ લેખ જયોતિન્દ્ર દવેએ લખેલ છે જેનો કેટલાંક અંશ...

પુસ્તકાલયને લીધે વખત ને પૈસાનો બગાડ થાય છે એની કોઈથી ના પડાય એમ નથી. મારો પોતાનો તો પુષ્કળ વખત એમાં જાય છે - જો કે એ વખતમાં હું બીજું શું કામ કરત તે કહી શકતો નથી ! ને જે પૈસા મેં પુસ્તક અને પુસ્તકાલય પાછળ ખર્ચ્યા છે તેમાંથી કેટલાં સિનેમા-નાટકો જોઈ શક્યો હોત, કેટલા કપ ચાના પી શક્યો હોત, કેટલાં કપડાં વસાવી શક્યો હોત એનો હું વિચાર કરું છું ત્યારે - આગળ વિચાર કરવાની મારી શક્તિ થંભી જાય છે.

આર્થિક દષ્ટિએ જોતાં પુસ્તકો અને પુસ્તકાલય પાપરૂપ છે. જયાં ગરીબો ભૂખે મરતા હોય, જયાં પશુઓ હરાયાં થઈ ફરતાં હોય, જયાં ટાઢતડકાથી રક્ષણ કરવા માટે કપડાં ન મળતાં હોય, ત્યાં વિદ્વાનોએ વાંચવાનો શોખ રાખવો એટલું જ નહીં, પણ તે માટે પુસ્તકાલયો કાઢવાં એના જેવું બીજું કયું પાપ છે ?

ધાર્મિક દષ્ટિએ વિચાર કરતાં જણાશે કે પુસ્તકોએ જગતમાં જેટલો અધર્મ ફેલાવ્યો છે તેટલો બીજા કશાએ ફેલાવ્યો નથી. 'કુરાન'માં હોય એ જ આમાં હોય તો એ પુસ્તકો નકામાં છે, 'કુરાન'માં હોય તેનાથી જુદું હોય તો એ અધર્મ્ય છે. માટે એ પુસ્તકો કોઈ પણ રીતે બાળી મૂકવાં જોઈએ' - એવી જ દલીલ એલેકઝાંડ્રિયાનું ભવ્ય પુસ્તકાલય સળગાવી નાખતાં કરવામાં આવી હતી, તે બધાં જ પુસ્તકોને લાગુ પડે એવી છે.

એમ કહેવામાં આવે છે કે પુસ્તકાલયથી પ્રજાના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. પણ જ્ઞાનવૃદ્ધિ થશે શો ફાયદો ? પ્રજાને જ્ઞાન મેળવવાની જરૂર છે કે પૈસો ? આપણે હીન દશામાં છીએ તેનું કારણ એ નથી કે આપણે અજ્ઞાન છીએ, પણ આપણે નિર્ધન છીએ તેથી જ આપણે પરાધીન છીએ. જ્ઞાન મેળવવાના શોખ પૈસાદારને છાજે. અને જ્ઞાન મેળવ્યે કંઈ સિદ્ધિ મળતી નથી.એમ તો રાજ કેમ ચલાવવું તેનું મને બહુ સારું જ્ઞાન છે. પણ તેથી કં હું રાજા થયો ?

આપણા શરીર તો જુઓ. મારા જેવા પુસ્તકો વાંચનારાઓનાં શરીરનું વજન, હાથમાં વાંચવા લીધેલાં પુસ્તક જેટલુંયે હોતું નથી. 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી !' એમ કહેનાર કલાપી કેટલી નાની વયમાં મૃત્યુ પામ્યો ? અને એમ કહેવું એ તો ઊધઈને શોભે, માણસને નહીં. તનને કેળવ્યા પહેલાં મનને કેળવીને આપણે શો કાંદો કાઢવાના છીએ ? દંડ કરો, બેઠક કરો, કુસ્તી કરો, ઝાડ પર ચડો, પહાડ પર ચડો, નાચો, કૂદો, તરો, રમો, દોડો; પણ વાંચી વાંચીને માંદા શું કામ પડો છો ! પુસ્તકોમાંથી - ખાસ કરીને પુસ્તકાલયમાં જૂનાં પુસ્તકોમાંથી - એક જાતનાં પ્રાણહર જંતુ વાચકના દિલમાં દાખલ થાય છે એની તો કેટલાકને ખબરે નહીં હોય.

આમ, પુસ્તકાલયની આપણને જરૂર નથી એ સહેલાઈથી સિદ્ધ થઈ શકે. એ જ પ્રમાણે દુનિયામાં આપણી પોતાનીયે કંઈ જરૂર નથી એ પણ એટલી જ સહેલાઈથી સિદ્ધ થઈ જશે.

**- જ્યોતીન્દ્ર હ. દવે**

**Last Seen :**

**જડી છે એક લાવારિસ ભાષા,**
**હું એનો દાવેદાર શોધું છું.**
**જામ ભાષાનો છલોછલ છે 'અદમ',**
**સાથે બેસી પીનાર શોધું છું.**

**- અદમ ટંકારવી**

- nehalgadhavi101@gmail.com

# મહાપંચાયતના મંચ પર અશ્લીલ શબ્દોનાં ઉચ્ચારણોથી લજ્જિત ગુજરાત



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

ક્યારેક ક.મા. મુનશીએ 'ગુજરાતની અસ્મિતા'નો આહલ્લેક જગાવ્યો હતો. આજકાલ જાહેર મંચ પરથી ગુજરાતની અસ્મિતા અને ગરિમા તેમજ સંસ્કૃતિનાં ચીરહરણ થઈ રહ્યાં છે. ભાજપ હોય કે કૉંગ્રેસ, ભાષાની ગરિમા સાચવવામાં કોઈને વખાણવા જેવા નથી. હમણાં ધ્રાંગધ્રાના મોટા માલવણમાં પાટીદારોને ન્યાય માટે મહાપંચાયતમાં હજારોની જનમેદની ઉમટી. પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલે સર્વપક્ષી ધારાસભ્યોને નોતર્યા હતા,પણ આ આયોજનમાં પધારેલા કૉંગ્રેસના ૧૩ જેટલા પાટીદાર ધારાસભ્યોએ તો માઝા મૂકીને સંબોધન કરી તાળીઓ તો પડાવી, પણ ગુજરાતની અસ્મિતા અને સંસ્કાર કલંકિત કરવા જેવાં વેણ કાઢ્યાં.હાર્દિકની ભાષા પણ તોછડાઈ ભરેલી હતી. હજુ થોડા સમય પહેલાં વિધાનસભા ગૃહમાં જ ભાજપના સભ્યે વિપક્ષી સભ્યને મા-બહેનના નામે ગાળો ભાંડી અને મામલો મારામારી સુધી ગયો,એ પછી પાટીદાર મહાપંચાયતમાં કૉંગ્રેસી ધારાસભ્ય થકી ભાજપી ધારાસભ્યની મા વિશેનાં અભદ્ર ઉચ્ચારણો રાજકારણીઓને અશોભનીય સ્થિતિમાં મૂકે છે.

અમરેલી જિલ્લાના વીરજીભાઈ ઠુમ્મર જેવા સાંસદ રહી ચૂકેલા મહારથીએ પ્રદેશ ભાજપના અધ્યક્ષ અને ભાવનગરના પાટીદાર ધારાસભ્ય જિતુ વાઘાણીના પાટીદાર ગોત્ર અંગે સવાલો ઊભા કરીને ડાયરાને હસાવ્યો અને તાળીઓ પડાવી. તેમના શરમજનક શબ્દો સામે બીજા દિવસે ભાજપના યુવા કાર્યકરો અને વડીલોએ યુવા ભાજપના પ્રદેશાધ્યક્ષ અને પટેલ અગ્રણી ડૉ.ઋત્વિજ પટેલના નેતૃત્વમાં કૉંગ્રેસના મુખ્યાલય 'રાજીવ ગાંધી ભવન' સામે ઠુમ્મરનું પૂતળું બાળવામાં આવ્યું. પોલીસ મૂક પ્રેક્ષક બની રહી. સામે કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેશ પરમાર અને હિંમતસિંહ પટેલ ભાજપના વર્તન સામે વિરોધ નોંધાવતા રહ્યા. કૉંગ્રેસના ધારાસભ્ય વીરજીભાઈએ તો પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી કે ભાજપવાળાએ મારું પૂતળું બાળ્યું. એટલે તેમની સામે કેસ દાખલ કરીને અટકાયત કરો. આગલા દિવસે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય વાઘાણીએ પણ હાર્દિક પટેલને "કૉંગ્રેસનો પિઠ્ઠુ" કહ્યો એ વાત પણ અશોભનીય તો હતી જ.અમે તો ભાજપ અને કૉંગ્રેસ બેઉના નેતાઓને પ્રશ્ન કર્યો કે હાર્દિકના મોટાભાગના સાથીઓ એનાથી અળગા થઈ ભાજપ કે કૉંગ્રેસમાં ગયા પછી પણ એની હાકલથી આટલી બહોળી સંખ્યામાં પાટીદારો કેમ ઉમટે છે? જોકે આનો સંતોષજનક ઉત્તર ભાગ્યેજ કોઈ વાળી શકે છે,પણ એ હકીકત છે કે હાર્દિકની હાકલ પર પાટીદારો ઉમટે તો છે જ.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષને સારી એવી બેઠકો મળી. સાતેક જિલ્લા તો ભાજપમુક્ત થઈ ગયા. રાજ્યની કુલ ૩૩માંથી ૨૪ જિલ્લા પંચાયતો કૉંગ્રેસ હસ્તક હોવાને કારણે કૉંગ્રેસ બેપાંદડે થાય એ સમજી શકાય છે. પણ સંસ્કારિતા છોડીને વાત કરવા સમાન વાણીવિલાસ એને શોભતો નથી. હજુ થોડા વખત પહેલાં જ ગુજરાત વિધાનસભામાં ગાળાગાળી અને મારામારીનાં દશ્યો સર્જાયાં હતાં એ પછી પણ ભાજપ અને કૉંગ્રેસ બેઉ કાંઈ સુધર્યા લાગતા નથી.વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ તો મુખ્યમંત્રી વિજય રૂપાણીને અને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને પત્ર લખીને પાટીદારોના પ્રશ્નો અને અનામત મુદ્દે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાનીમાંગણી કરી છે.બંને પક્ષો આ મુદ્દે પણ નર્યું રાજકારણ રમવાને બદલે સાથે બેસીને સમસ્યાનો ઉકેલ લાવવાની કોશિશ કરે તો ગનીમત.

- **પાટીદારોને પોતીકા કરવાના વેતમાં કૉંગ્રેસ અને ભાજપ બેઉ સરખી કવાયતો આદરે છે**
- **કૉંગ્રેસી ધારાસભ્ય અને પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મર માફી માંગી લે એમાં એમની મોટાઈ લેખાશે**
- **નરેન્દ્ર મોદીએ સોનિયાને "જર્સી ગાય" કહ્યાં કે રેણુકા ચૌધરીને "શૂર્પણખા" કહ્યાં એ યોગ્ય નહોતું**
- **જાહેરમાં નન્નો ભણતા નીતિન પટેલની નારાજગી સરકારને ગબડાવવાની ચિંતા જરૂર પ્રેરે છે**

**ભાજપના નેતાઓ પણ સખણા રહ્યા નથી**

પાટીદાર મહાપંચાયતમાં કૉંગ્રેસના ધારાસભ્યોએ માઝા મૂકીને સંબોધન કર્યાં તો એમને ઉશ્કેરવાનું નિમિત્ત ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જિતુ વાઘાણીએ જ પૂરું પાડ્યું હતું. વાઘાણીએ પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને "કૉંગ્રેસનો પિઠ્ઠુ" કહેવાની ગુસ્તાખી કરી હતી. આ મુદ્દે હાર્દિક સેના ગિન્નાવી સ્વાભાવિક હતી. હાર્દિક હજુ ૨૪ વર્ષનો છે. ધારાસભા કે લોકસભાની ચૂંટણી લડવાની એની ઉંમર નથી. એનો પરિવાર ભાજપનો રહ્યો છે, પરંતુ પાટીદાર અનામત આંદોલનને પગલે એ રાજ્ય સરકાર વિરુદ્ધ થઈ ગયો હતો. હાર્દિકના મોટા ભાગના સાથીઓ ભાજપમાં ગોઠવાઈ ગયા છે અને પક્ષના પ્રવક્તા બની ગયા છે.

હાર્દિકનું કહેવું છે કે મહાપંચાયતમાં અમે તો ભાજપ અને કૉંગ્રેસ બેઉના પટેલ નેતાઓ અને ધારાસભ્યોને આમંત્રણ આપ્યું હતું. ભાજપના ધારાસભ્યો આવ્યા નહીં અને કૉંગ્રેસના આવ્યા એટલે અમને કૉંગ્રેસના પિઠ્ઠુ કહીને ભાંડવામાં આવે એ યોગ્ય નથી. અમે કોઈ પક્ષમાં જોડાયેલા નથી અને માત્ર પાટીદારોના હિતની વાત કરીએ છીએ ત્યારે અમારા માટે આવા હીન શબ્દો વપરાય એ યોગ્ય નથી. ભાજપની નેતાગીરીનું ગોત્ર સંઘનું હોવા છતાં રાજકીય વિરોધીઓને ભાંડવામાં કોઈ મણા કે મર્યાદા રાખવાનું એમણે પણ કબૂલ્યું નથી.વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે પણ કૉંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધીના ઈટાલિયન ગોત્ર સહિતના મુદ્દે આવો જ વાણીવિલાસ કરતા રહ્યા છે.મોદીએ તો શ્રીમતી ગાંધીને "જર્સી ગાય" ગણાવ્યાં હતાં.હજુ હમણાં જ સંસદમાં વડાપ્રધાને કૉંગ્રેસનાં સભ્ય રેણુકા ચૌધરીને "શૂર્પણખા" સાથે સરખાવ્યાં હતાં.મોદીએ અગાઉ કૉંગ્રેસના સાંસદ શશી થરૂરનાં પત્ની સુનંદા વિશે 'પચાસ કરોડની ગર્લફ્રેન્ડ' જેવો શબ્દપ્રયોગ કર્યો હતો. ભાજપની ટોચની નેતાગીરીના મોંઢામાં આવા શબ્દો શોભતા નથી. સાથે જ ભાજપના નેતા બેફામ વાણીવિલાસ કરે એટલે કૉંગ્રેસે પણ એ કરવું એ યોગ્ય તર્ક નથી.બંને પક્ષોએ સંસદીય ગરિમાને શોભે એવાં ઉચ્ચારણો કરવાની જરૂર ખરી.

**ઉકળાટ નીતિન પટેલના મુદ્દાનો છે**

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે ત્રાગું કરીને નાણાં ખાતું મેળવ્યા પછી પક્ષનું મોવડીમંડળ એમનો વારો કાઢી લેવાની વેતરણમાં છે. આજકાલ એમના રાજીનામા કે તેમને કાઢી મૂકવાની ચર્ચા સોશિયલ મીડિયામાં ચાલી રહી છે. અગાઉ મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલ વિશે પણ આવી ચર્ચા ચાલ્યા પછી એમનું રાજીનામું આવી પડ્યું હતું. ભાજપમાં કોઈ મોવડીમંડળને પડકારે અથવા ત્રાગું કરે એ સહન કરી લેવામાં આવતું નથી. છેક જનસંઘના સમયથી આવી જ પરંપરા રહી છે. જનસંઘના સંસ્થાપક સભ્ય બલરાજ મધોક જ્યારે પક્ષના અધ્યક્ષ હતા ત્યારે એમને પક્ષમાંથી તગેડી મૂકાયા હતા.એનું કારણ એ હતું કે નાગપુર મુખ્યાલયના એટલે કે સંઘના આદેશોને માનવા તેઓ તૈયાર નહોતા. એવું જ જનસંઘના બીજા અધ્યક્ષ મૌલિચંદ્ર શર્માનું થયું હતું. સ્વયં લાલકૃષ્ણ આડવાણીએ

અનુસંધાન પાના નં ૭ પર